Vol. 8, Issue: 3, March: 2020 (IJRSML) ISSN: 2321 - 2853

# શિક્ષણ અને સમુદાય

વિક્રમ એ. ભરવાડ

## ૧. સમુદાય એટલે શું?

- સમુદાય કે સમૂહ એ ચોક્કસ ભૌગૌલિક પ્રદેશ માં વસતા માનવીઓનો સમૂહ છે.
- સમુદાય અને શિક્ષણ સંસ્થાઓના પારસ્પરિક સંબંધની વાત કરીએ ત્યારે પ્રથમ સમુદાય એટલે શું એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.
- સામાન્ય રીતે સમુદાય એટલે માનવવસ્તીનો અમુક નિશ્ચિત સ્થાનિક ભૌગોલિક વિસ્તારમાં રહેતો જથ્થો(aggregate); પરંતુ એક ભૌગોલિક વિસ્તારમાં રહેવાથી જ તે માનવવસ્તી સમુદાય બનતી નથી.
- અમુક સમય સાથે રહેવાથી સમુદાયના સર્વ સભ્યોને કેટલાક સામાન્ય અનુભવો થાય છે અને સાથે-સાથે તેઓ કેટલીક સામાન્ય સેવાઓ અને સવલતો પણ સભાનપણે ભોગવતા થાય છે.
- આ સર્વને કારણે સમય જતાં આ વસ્તીના જથ્થામાં એક પ્રકારની સ્થાનિક એકતાની સભાનતા ઊભી થાય છે, તે એક એકમ તરીકે વર્તન કરતો થાય છે અને સ્થાનિક સમુદાયનું સ્વરૂપ ધારણ કરે છે.

આમ,

(૧) માનવવસ્તીનો અમુક જથ્થો,

(૨) રહેઠાણનો સામાન્ય ભૌગોલિક વિસ્તાર,

(૩) સામાન્ય અનુભવો,

(૪) કેટલીક સામાન્ય સેવાઓ અને સવલતો

(૫) સ્થાનિક એકતાની ભાવના અને

(૬) એક એકમ તરીકે વર્તવાની શકિત આવાં કેટલાંક લહાણો માનવવસ્તીનાને સ્થાનિક સમુદાય બનાવે છે.

**મકાઈવર અને પેજ** સમુદાયનાં બે લક્ષણોને મુખ્ય ગણે છે: (૧)ભૌગોલિક વિસ્તાર અને (૨) સમુદાયની ભાવના. આમ, અમુક નિશ્ચિત વિસ્તારમાં રહેતા અને સ્થાનિક સમુદાયની ભાવના તથ એક્તા અનુભવતા નાનીમોટી વસ્તીવાળા માનવસમૂહને આપણે સ્થાનિક સમુદાય કહી શકીએ. આ સ્થાનિક સમુદય સમગ્ર સમાજનો એક ભાગ હોવા છતાં સ્થાનિક રીતે તે એક પ્રકારનું અલગ અસ્તિત્વ ધરાવતો હોય છે અને તેના સભ્યો તેની સાથે એક પ્રકારની એક્તા અને તાદાત્મ અનુભવતા હોય છે.

## ૨. સમુદાયની લાક્ષણિકતા

- એક પ્રદેશ માં વસતા હોવાથી કે એક જ પ્રદેશ થી ભાષાથી,સંસ્કૃતિ થી, રિવાજ - પરંપરાઓથી વગેરેથી જોડાયેલ હોવાથી અમુક લક્ષણો સમાન જોવા મળે છે.

- તેથી સમુદાયના સભ્યો વચ્ચે અન્ય સમુદાયના સભ્યો કરતા પરસ્પર અમેપણાની ભાવના પ્રબળ હોય છે અને સમુદાયના સભ્યો વચ્ચે પ્રાદેશિક સમાનતાને કારણે સભ્યો પ્રત્યે સહાનુભૂતી, અન્ય સમુદાયના સભ્યો કરતા પોતાના સમુદાયના સભ્ય પ્રત્યે વિશેષ આકર્ષણ હોય છે.
- પ્રદેશો અનુસાર અનેક સમુદાયો રચાયેલા હોય છે.
- ગ્રામ્ય સમુદાય અને શહેરી સમુદાય એ સમુદાયના મુખ્ય ઉદાહરણો છે.
- સંયુક્ત વિશ્વસંઘ દ્વારા આજે સમગ્ર માનવજાતિનો વૈશ્વિક સમુદાય પણ છે.

### ૩. સમુદાય અને શિક્ષણવ્યવસ્થા

શિક્ષણવ્યવસ્થાને તેના સામાજિક સંદર્ભમાં સમજવા માટે જે સ્થાનિક સમુદાય (community)માં તે ઉદ્ભવે છે અને કાર્ય કરતી વિકાસ પામે છે તે સ્થાનિક સમુદાયના સંદર્ભમાં પણ જવી જોઈએ. ભારતમાં સ્થાનિક સમુદાયો વચ્ચે ખૂબ મોટા તફાવતો જોવા મળે છે. નાનાં ગામડાં અને મોટાં મહાનગરો, મોટે ભાગે ઉપલી જ્ઞાતિઓ રહેતી હોય તેવાં ગામડાં, મોટે ભાગે નીચલી જ્ઞાતિઓ રહેતી હોય તેવાં ગામડાં તથા એકાકી(isolated) આદિવાસી ગામડાં, સાધનસંપન્ન સમુદાય અને ગરીબ-સમુદાય વગેરે. આવા મોટા તફાવતોને કારણે ભિન્નભિન્ન પ્રકારના સ્થાનિક સમુદાયોમાં ભિન્નભિન્ન સ્તરની અને ભિન્નભિન્ન પ્રકારની શિક્ષણસંસ્થાઓ અસ્તિત્વમાં આવે એ શક્ય છે. જેમ સ્થાનિક સમુદાયની અસર શિક્ષણસંસ્થાઓના પ્રકાર અને તેની સુવિધાઓના સ્તર પર પડે છે, તેમ શિક્ષણસંસ્થાઓ પણ તેમના સ્થાનિક સમુદાયો પર વળતી અસર પાડી શકે છે. આમ, આ સ્થાનિક સમુદાય અને તેમાંની શિક્ષણ સંસ્થાઓ વચ્ચેની પારસ્પરિક અસરોને તપાસવી એ પણ શિક્ષણવ્યવસ્થાને સમજવા માટે જરૂરી છે.

### ૪. સ્થાનિક સમુદાયના અસ્તિત્વ અને અસર વિષે અભિપ્રાયો

આધુનિક સમાજોમાં સ્થાનિક સમુદાય અસ્તિત્વ ધરાવે છે કે નહિ તે અંગેસમાજશાસ્ત્રીઓ ભિન્નભિન્ન અભિપ્રાયો ધરાવે છે. એક અભિપ્રાય એમ માને છે કે આધુનિક મોઢ પાયાના રાષ્ટ્રીય સમાજમાં આધુનિક વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના વિકાસને લીધે તેમજ સામાજિક ગતિશીલતાના વિકાસને કારણે સમાજના સભ્યોનો વ્યવહાર વધારે ને વધારે પ્રમાણમાં સમગ્ર સમાજને ધોરણે થતો હોવાથી સ્થાનિક સમુદાયનું એક એકમ તરીકેનું અસ્તિત્વ હવે રહ્યું નથી. પહેલાંના સાદા નાના સમાજોમાં સ્થાનિક સમુદાય, કુટુંબ વગેરેની જેમ ઘણો અગત્યનો હતો. સભ્યોનું સમગ્ર સામાજિક જીવન મોટે ભાગે સ્થાનિક સમુદાયમાં જ વ્યતીત થતું હોવાથી વ્યક્તિનાં સામાન્ય મૂલ્યોના ઘડતરમાં સ્થાનિક સમુદાય પણ અગત્યનો ભાગ ભજવતો હતો. પરંતુ આધુનિક મોટા પાયાના રાષ્ટ્રીય સમાજમાં હવે તેનું અસ્તિત્વ અને અસર ઘણે અંશે નાબૂદ થઈ ગયાં છે. આથી હવે સ્થાનિક સમુદાયની અસરનો અભ્યાસ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સમાજશાસ્ત્રીઓનું બીજું જૂથ આ બાબતમાં સાવ વિરુદ્ધ અભિપ્રાય ધરાવે છે. તેમના મતે છેલ્લા બે દાયકામાં થયેલાં સંશોધનો દર્શાવે છે કે આધુનિક મોટા પાયાના રાષ્ટ્રીય કક્ષાના સમાજમાં પણ સ્થાનિક સમુદાય એક ખૂબ જ અગત્યની સંસ્થા છે અને સમાજ અને સંસ્કૃતિને જોડનારી એક મહત્ત્વની કડી છે. સમગ્ર સમાજનાં મૂલ્યો, ધ્યેયો વગેરે તેના સભ્યોમાં સંક્રાંત કરવામાં સ્થાનિક સમુદાય ઘણો મહત્વનો ભાગ ભજવે છે. આમસ્થાનિક સમુદાય આધુનિક સમાજમાં પણ ઘણી અગત્ય ધરાવે છે. તેની અસર તેની સંસ્થાઓ અને સભ્યો પર પડે છે. તેમના મતે સ્થાનિક સમુદાય શિક્ષણની બાબતમાં બે રીતે મહત્વનો ભાગ ભજવે છે. એક તો તે સમુદાય તેના સભ્યોમાં શિક્ષણન:ફી -અગર શિક્ષણ-વિરોધી વલણો અને આકાંક્ષાઓ કેળવી શકે છે અને એમ આડકતરી રીતે શિક_પ્રસારને સહાયક અગર અવરોધરૂપ બની શકે છે; બીજું, સમુદાયમાં શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવશે કે સમુદાયના અનેક પ્રકાર હોય છે. સમુદાયની વસ્તી કેટલી છે, તે એકભાષી છે કે બહુભાષી, એકધર્મી છે કે બહુધર્મી, તેની વસ્તીનું સામાજિક બંધારણ કેવું છે વગેરેના આધારે સમુદાયોનું વર્ગીકરણ કરી શકાય.

**(૧) સમુદાયની વસ્તીના કદના આધારે**

વસ્તીના કદના આધારે સમુદાયોના ત્રણ મુખ્ય પ્રકારો પાડી શકાય : (૧) ગામડું, (૨) કસબો(town) અને (૩) શહેર. પ્રત્યેક પ્રકારના પણ વધારે કે ઓછી વસ્તીના આધારે ત્રણ-ત્રણ નીચે મુજબના પ્રકારો પાડી શકાય :

**(ક) ગામડું**

નાનું ગામડું - 1000 અને તેથી ઓછી વસ્તીવાળું
મધ્યમ કદનું ગામડું - 1000 થી 2500 ની વસ્તીવાળું
મોટું ગામડું - 2500 થી 5000ની વસ્તીવાળું

**(ખ) કસબો**

- નાનો કસબો - ૫,૦૦૧થી ૨૫,૦૦ની વસ્તીવાળો
- મધ્યમ કદનો કસબો - ૨૫,૦૦૧થી ૫૦,૦૦૦ની વસ્તીવાળો
- મોટો કસબો – ૫૦,૦૦૧થી ૧,૦,૦૦૦ ની વસ્તીવાળો

**(ગ) શહેર**

- નાનું શહેર - ૧,૦૦,૦૦૧થી ૫ લાખની વસ્તીવાળું
- મધ્યમ કદનું શહેર – ૫,૦૦૦૧થી ૧૦ લાખની વસ્તીવાળું
- મોટું શહેર – ૧૦ લાખથી વધારે વસ્તીવાળું

**(૨) એકભાષી કે બહુભાષી સમુદાય**

- એકભાષી સમુદાય
- બહુભાષી સમુદાય

**(૩) એકધર્મી કે બહુધર્મો સમુદાય**

- એકધર્મી સમુદાય
- બહુધર્મી રામુદાય

**(૪) સમુદાયની વસ્તીના સામાજિક બંધારણના આધારે :**

- મોટા ભાગની વસ્તી ઉપલી જ્ઞાતિઓની અને લઘુમતી વસ્તી અન્ય જ્ઞાતિઓની
- મોટા ભાગની વસ્તી નીચલી અને મધ્યમ જ્ઞાતિઓની અને લઘુમતી વસ્તી ઉપલી જ્ઞાતિઓની
- મોટા ભાગની વસ્તી આદિવાસીઓની હોય તેવો સમુદાય

**(૫) સમુદાયની એકંદર આર્થિક પરિસ્થિતિના આધારે**

- આર્થિક રીતે સાધનસંપન્ન સમુદાય
- મધ્યમ આર્થિક સ્થિતિવાળો સમુદાય
- આર્થિક રીતે નબળો સમુદાય

**૫. સ્થાનિક સમુદાયની શિક્ષણ પર અસર**

સમુદાયની અસર શિક્ષણ સંસ્થાનો પર અનેક રીતે પડે છે.

**(૧)શિક્ષણસંસ્થાની સંખ્યા અને પ્રકાર પર પડતી અસર**

સમુદાય નાનો છે કે મોટો તેની સીધી અસર તેની શિક્ષણસંસ્થાઓની સંખ્યા અને પ્રકાર પર પડે છે. જેમ સમુદાય મોયે તેમ તેમાં વધારે શાળા-કૉલેજો અને વધારે પ્રકારની શાળાઓ અને કૉલેજો અસ્તિત્વ ધરાવે છે. **દા.ત., મોટ શહેરમાં સરકારી પ્રાથમિક**

**શાળાઓ તો હોય છે પરંતુ સાથેસાથે ખાનગી પ્રાથમિક શાળાઓ પણ હોય છે.** ખાનગી શાળાઓમાં પણ **ખ્રિસ્તી મિશન** દ્વારા ચાલતી શાળાઓ તેમજ અન્ય **ખાનગી ટ્રસ્ટ દ્વારા ચાલતી શાળાઓ** હોય છે, **છોકરા તથા છોકરીઓની અલગ શાળાઓ** પણ હોય છે અને **સહશિક્ષણવાળી શાળાઓ** પણ હોય છે, **પ્રાદેશિક માધ્યમવાળી શાળાઓ પણ હોય** છે અને **અંગ્રેજી માધ્યમવાળી શાળાઓ** પણ હોય છે, **મોટા ભાગના વિદ્યાર્થીઓ ઉપલા સ્તરમાંથી** આવતા હોય તેવી શાળાઓ હોય છે અને **મોટા ભાગના વિદ્યાર્થીઓ નીચલા સ્તરમાંથી આવતા હોય** તેવી શાળાઓ પણ હોય છે, કૉલેજો પણ અનેક પ્રકારની હોય છે; **વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદાની કૉલેજો પણ હોય છે અને ઈજનેરી, તબીબી અને ફાર્મસી કોલેજો પણ હોય છે, ડિગ્રી-શિક્ષણ આપતી કૉલેજો પણ હોય છે અને ડિપ્લોમા-સ્તરનું શિક્ષણ આપતું પોલિટેકનિક પણ હોય છે. પ્રાથમિકથી માંડીને માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક અને ક્યારેક અનુસ્નાતક કક્ષાના શિક્ષણની સંસ્થાઓ પણ એક જ મોટા સમુદાયમાં હોય છે,**

જ્યારે **નાના સમુદાયોમાં શિક્ષણ સંસ્થાઓની આટલી વિવિધતા મળતી નથી.** ભારતમાં ઘણાં નાનાં ગામડાંઓમાં તો ફક્ત ચાર ધોરણ સુધીની નિમ્ન પ્રાથમિક શાળા જ હજુ આપી શકાઈ છે. કેટલાક સમુદાયોમાં **ફક્ત ૭** ધોરણ સુધીની જ શાળાઓ હોય છે અને તેના સભ્યોને **વધુ શિક્ષણ માટે સમુદાય બહાર જવું પડે છે.** ઘણા સમુદાયોમાં ફક્ત પ્રાદેશિક માધ્યમની જ શિક્ષણસંસ્થાઓ હોય છે. આથી **અંગ્રેજી-માધ્યમમાં શિક્ષણ લેવાનું ઈચ્છનાર સભ્યોને બહાર જવું પડે છે.** આમ, **જેમ સમુદાય નાનો તેમ શિક્ષણસંસ્થાઓની સંખ્યા અને પ્રકાર ઓછાં અને જેમ સમુદાય મોટો તેમ શિક્ષણસંસ્થાઓની સંખ્યા અને પ્રકાર વધારે.** આને લીધે નાના સમુદાયોના આર્થિક રીતે નબળા સભ્યો જેઓ પોતાનાં બાળકોને બહાર મોકલીને ભણાવવાનો ખર્ચ કરી શકે તેમ નથી હોતા તેઓને ફરજિયાત રીતે પોતાનાં બાળકોનું શિક્ષણ સ્થાનિક સમુદાયમાં જ્યાં સુધીનું મળતું હોય તેટલું જ લઈને અટકાવી દેવું પડે છે. છોકરીઓના શિક્ષણની બાબતમાં આવું વિશેષ બને છે, કારણ કે ભારતીય સમાજમાં હજુ ઘણાં માતાપિતા પોતાની પુત્રીઓને બહાર એકલી મોકલવા તૈયાર હોતાં નથી. મોટા સમુદાયમાં શિક્ષણ સંસ્થાઓની સંખ્યા વધારે હોવાથી તેમજ તે અનેક પ્રકારની હોવાથી સમુદાયના સભ્યોને પોતાનાં બાળકો માટે પોતાને યોગ્ય લાગે તેવી શિક્ષણસંસ્થા પસંદ કરવાનો અવકાશ એ છે, જ્યારે નાના સમુદાયમાં તો મોટે ભાગે જે પ્રકારની શિક્ષણસંસ્થા અસ્તિત્વમાં હોય તેનાથી જ ચલાવી લેવું પડે છે.

### (૨) શિક્ષક-વિદ્યાર્થીઓ અને શિક્ષક -વાલીઓના સંપર્ક પણ પડતી અસર

સમુદાયના કદની અસર શિલાવિધાર્થીઓના તથા શિક્ષક-વાલીઓના સંપર્કપર પણ પડે છે. જેમ સમુદાય મોટો તેમ ઘણા શિક્ષકો અને વિદ્યાર્થીમોની વધુ લાંબે અંતરેથી રોજ આવ-જા કરવાની શક્યતા વધે છે. કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓ તો આજુબાજુનાં ગામોમાંથી પણ રોજ આવ-જા કરતા હોય છે. આને લીધે શિક્ષકો પણ વિદ્યાર્થીઓની સામાજિક-આર્થિક પાર્શ્વભૂમિકાથી અજાણ રહેવાની સંભાવના વધી જાય છે તેમજ તેમનાં માતાપિતા સાથે વાલી તરીકેનો સંપર્ક પણ ઘણો ઓછો રહે છે. આમ પણ, મોટા સમુદાયમાં વ્યક્તિઓના મોટા ભાગના પારસ્પરિક સંપર્કો અવૈયક્તિક, ઉપરછલ્લા અને અપરોક્ષ રહેતા હોય છે. આની અસર પણ શિક્ષક-વાલી સંપર્કો પર પડતી હોય છે. ઉપરાંત દૂરદૂરથી રોજ આવ-જા કરવામાં સમય જતો હોવાથી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને પરસ્પર સંપર્ક કેળવવા માટે સમય પણ પ્રમાણમાં ઓછો રહે છે. આમ, મોટા સમુદાયની અસર શિક્ષક- વિદ્યાર્થીઓના તેમજ શિક્ષક-વાલીઓના સંપર્કો પર પડે છે. શહેરી સમુદાય કરતાં કસબામાં તેમજ ગ્રામસમુદાયોના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને તેમનાં કુટુંબોથી પ્રમાણમાં વધારે પરિચિત હોય છે અને તેમની સાથેના તેમના સંપર્કો પણ પ્રમાણમાં વધારે હોય છે. શિક્ષકનો વિદ્યાર્થીઓ તથા વાલીઓ સાથેનો વધારે કે ઓછો સંપર્ક વિદ્યાર્થીની શાળા પ્રત્યેની પ્રતિબદ્ધતા વધારે કે ઘટાડે છે, એટલું જ નહિ પણ વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિને વધારવા-ઘટાડવામાં પણ તે અગત્યનો ભાગ ભજવે છે.

### (૩) શિક્ષણ સંસ્થાના સંચાલન અને નિયંત્રણ પર અસર

સામાન્ય રીતે આધુનિક સમાજમાં શિક્ષણસંસ્થાઓ સાર્વત્રિક (universalistic) અને અર્જિત(achieved) ધોરણે રચાતી હોય છે. તેમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ, શિક્ષણ તથા મૂલ્યાંકનમાં કોઈ ભેદભાવ રાખવામાં આવતો નથી અને સર્વનું તેમની વ્યક્તિગત આવડત અને પ્રાપ્તિના ધોરણે મૂલ્યાંકન કરવામાં આવતું હોય છે. શિક્ષકોની ભરતી પણ તેમની વ્યક્તિગત લાયકાત અને આવડતના ધોરણે કરાતી હોય છે. શાળાનું સમગ્ર સંચાલન તેમજ તેનું સરકાર દ્વારા નિયંત્રણ પણ નિશ્ચિત નિયમોના આધારે થતું હોય છે. મોટા સમુદાયમાં આ ધોરણો વધુ જળવાય છે. જેમ સમુદાય મોટો તેમ તેમાં અસ્તિત્વ ધરાવતી શિક્ષણસંસ્થાઓનું સંચાલન તેમજ નિયંત્રણ સાર્વત્રિક (universalistic) તથા અર્જિત(achieved) ધોરણે થવાની સંભાવના વિશેષ રહે છે, વિધાર્થીઓના પ્રવેશ, શિક્ષણ તથા મૂલ્યાંકન, શિક્ષકોની ભરતી, બઢતી છટણી, નાણાંભંડોળ તથા સાધનોનો ઉપયોગ વગેરે બાબતોમાં સગાવાદ, જ્ઞાતિવાદ વગેરેની અસર પ્રમાણમાં ઘણી ઓછી રહે છે અને નિશ્ચિત નિયમો પ્રમાણે સંચાલન થવાની સંભાવના વધારે રહે છે. સંસ્કાર દ્વારા શાળાનું નિયંત્રણ પણ મોટે ભાગે નિશ્ચિત નિયમોને અનુસરે છે, જયારે નાના સમુદાયમાં આવેલી શાળાનું સંચાલન બિનસાર્વત્રિક(particularistic)અને અર્પિત(ascribed) ધોરણે થવાની સંભાવના વિશેષ રહે છે. વિદ્યાર્થીઓના પ્રવેશ, શિક્ષણ તથા મૂલ્યાંકન, શિક્ષકોની ભરતી, બઢતી, બદલી વગેરેમાં તેમજ શાળાનાં નાણાં વગેરેના ઉપયોગમાં સગાવાદ, જ્ઞાતિવાદ વગેરેની અસર વધુ પડવાની સંભાવના રહે છે. સંચાલક મંડળનાં વર્તન અને નિર્ણયો નિશ્ચિત નિયમોથી દોરાવાને બદલે અંગત સંબંધોથી તથા જ્ઞાતિવાદથી દોરાવાની શક્યતા વધારે રહે છે. સરકારી નિયંત્રણમાં પણ આવી અસર પડવાની શક્યતા વધે છે. દા.ત., પ્રાથમિક શાળાના શિક્ષકોની બદલીઓ ઘણીવાર જિલ્લા-પંચાયતના અધિકારીઓ દ્વારા નિયમોને આધારે થવાને બદલે અંગત ગમા-અણગમાના આધારે થયાની ફરિયાદ ઘણીવાર સાંભળવા મળે છે. આમ, સમુદાયનું કદ શાળાના સાર્વત્રિકતાનાં તથા વ્યક્તિગત સિદ્ધિનાં પાયાનાં ધોરણોને અસર કરે છે.

### (૪) વિદ્યાર્થીઓના સમુદાયની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પર અસર

પશ્ચિમના કેટલાક અભ્યાસોમાં એમ જણાયું છે કે મોટા સમુદાયમાં વિદ્યાર્થીઓ પાડોશમાં રહેતી વ્યક્તિઓ તથા ચાલતી પ્રવૃત્તિથી ઘણા ઓછા પરિચિત હોય છે અને સમુદાયની પ્રવૃત્તિઓમાં ઘણો ઓછો ભાગ લે છે. જ્યારે નાના સમુદાયના વિધાર્થીઓ પડોશમાં રહેતી વ્યક્તિઓ તથા ચાલતી પ્રવૃત્તિઓથી ઘણા પરિચિત હોય છે અને સમુદાયની પ્રવૃત્તિઓમાં પણ પ્રમાણમાં ઘણો સક્રિય ભાગ લેતા હોય છે. **અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે વિદ્યાર્થીઓ સમુદાયની પ્રવૃત્તિઓમાં ઓછો કે વધારે ભાગ લે તેનું શિક્ષણની દૃષ્ટિએ શું મહત્ત્વ ?** આ દૃષ્ટિએ જોઈએ તો જે વિદ્યાર્થીઓ સમુદાયની **પ્રવૃત્તિઓમાં વધારે ભાગ લે છે તે વિદ્યાર્થીઓના સમુદાયના સભ્યો સાથેના સંબંધો સારા વિકસે છે** અને તેમની સાથેની આંતરક્રિયા અને આંતરસંબંધોમાંથી કેટલાંક **સામાજિક કૌશલ્યો** વિદ્યાર્થીઓમાં વિકસે છે. આ સામાજિક કૌશલ્યો વિદ્યાર્થીઓને શાળામાં પણ શિક્ષકો તેમજ અન્ય વિદ્યાર્થીઓ સાથે **અનુકૂલન** સાધવામાં ઉપયોગી થઈ પડે છે. આને લીધે આ વિદ્યાર્થીઓમાં **શાળા પ્રત્યેની પ્રતિબદ્ધતા** કેળવવામાં પણ સહાય થાય છે, જે તેમને તેમની શૈક્ષણિક સિદ્ધિમાં સહાય કરે છે. જ્યારે મોટા સમુદાયનો વિદ્યાર્થી સમુદાયની પ્રવૃત્તિમાં પ્રમાણમાં ઓછો ભાગ લેતો હોવાથી તેનામાં સામાજિક કૌશલ્યોનો વિકાસ પ્રમાણમાં ઓછો થાય છે અને શાળામાં અનુકૂલન સાપવાષાં તેને વિશેષ પ્રયત્ન કરવો પડે છે. આમ, સમુદાયની પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં કેટલાંક એવાં સામાજિક કૌશલ્યો વિકસે છે, જે આડકતરી રીતે તેને શૈક્ષણિક સિદ્ધિમાં સહાયરૂપ થાય છે, જ્યારે સમુદાયની પ્રવૃત્તિઓમાં ભાગ ના લેનાર વિદ્યાર્થીઓને એવી સહાય મળતી નથી. અલબત્ત, આ વિષે કોઈ ભારતીય વૈજ્ઞાનિક અભ્યાસ હજુ પ્રાપ્ય નથી. આમ, સમુદાયના કદની અસર શિક્ષણ સંસ્થાઓની સંખ્યા તથા પ્રકાર, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીઓ વચ્ચેના સંપર્કો, સંસ્થાના સંચાલન તથા નિયંત્રણ, વિદ્યાર્થીઓની સમુધયની પ્રવૃત્તિઓમાં સામેલગીરી વગેરે વિવિધ બાબતો પર પડે છે.

### (૫) રોજિંદી આવ-જા(commuting) દ્વારા શિક્ષણ લેવાની પદ્ધતિની પડતી અસર

ભારત એક ઘણો મોટો દેશ છે - વસ્તીની દૃષ્ટિએ તેમજ વિસ્તારની દૃષ્ટિએ. ઉપરાંત તેના સમુદાયોનાં કદ વચ્ચે પણ ઘણા મોટા તફાવતો છે. ૫૦ થી ઓછી વસ્તીવાળાં ગામડાં પણ ઘણાં છે અને ૧૦ લાખથી વધારે વસ્તીવાળાં શહેરો પણ છે. આ બધા સમુદાયોમાં બધા પ્રકારની અને બધા તબક્કાની શિક્ષણ સંસ્થાઓ હોય એ શક્ય નથી. એટલે કેટલાક ઘણા નાના સમુદાયો વચ્ચે એક નિમ્ન(lower) પ્રાથમિક શાળા(૧ થી ૪ ધોરણની), કેટલાક એથી મોટા સમુદાયો વચ્ચે એક ઉચ્ચ(higher) પ્રાથમિક શાળા(૫ થી ૭ ધોરણની), કેટલાક એથી મોટા સમુદાયો વચ્ચે એક માધ્યમિક શાળા, પછી ઉચ્ચતર માધ્યમિક શાળા, પછી કોલેજ અને પછી યુનિવર્સિટી – એમ શિક્ષણસંસ્થાઓની વ્યવસ્થા ગોઠવાય છે. ભારતમાં શિક્ષણ સંસ્થાઓની વહેંચણી આવી જ રીતે તબક્કાવાર ગોઠવાઈ છે. આમાંથી પ્રાથમિક કક્ષાને બાદ કરીએ તો માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, કૉલેજ તથા યુનિવર્સિટી જે સમુદાયોમાં ગોઠવાયાં હોય, ત્યાં આજુબાજુના સમુદાયોમાંથી વિદ્યાર્થીઓ રોજ શિક્ષણ માટે આવ-જા કરતા હોય છે. આમ, શિયાણ માટે પોતાના રહેઠાણના સમુદાયમાંથી ચાલીને અગર સાઇકલ, રિક્ષા, બસ, રેલવે વગરે સાધનો દ્વારા વિદ્યાર્થીઓની બીજા મોટા સમુદાયમાં આવ-જા કરવાની ઘટના ભારતમાં ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

### સંદર્ભસૂચી

૧. શાહ એન્ડ શાહ, (૧૯૮૭). શિક્ષણનું સમાજશાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૨. શાહ, જેઠાલાલ (૧૯૫૨), 'સમાજશાસ્ત્રની રૂપરેખા', શ્રી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા ટ્રસ્ટ, અમદાવાદ.
૩. જાની, ગૌરાંગ ત્રિવેદી નલિની (૨૦૦૮), 'ગુજરાતી વિશ્વકોષ ખંડ ૨૨-૨૩', ગુજરાત વિશ્વકોષ
૪. પરમાર, વાય.એ., સામાજિક સ્તરરચના', શ્રી પોપ્યુલર પબ્લીશીંગ હાઉસ, સુરત
૫. પરીખ, રતુભાઈ (૧૯૫૬), 'સમાજશાસ્ત્ર પ્રવેશિકા', શ્રી પોપ્યુલર પબ્લીશીંગ હાઉસ, સુરત